સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૯૪ / શુમારો : ૧૦

بسم الله الرحمن الرحيم

ફુલ પાના - ૮+૨

مشكوة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ શવ્વાલુલ મુકર્રમ ૧૪૩૨ હિ., ૩૦-૮-૨૦૧૧

# -::: સવાલ ક્યારે અને કોણાથી થાય ? :::-

મૌ. લુકમાન હકીમ (રિ.અ.) ની નસીહત-આમૌઝ અને પુરહિકમત વાતો જહાનવાલાઓમાં મશ્હૂર છે. આપના નામથી પૂરી એક સૂરત કુરઆને કરીમમાં મૌજૂદ છે. આપ આપના દીકરાને દુનિયા અને આખેરતની હકીકતોની તાઅલીમ આપતા ફરમાવે છે કે,"અય મારા પ્યારા દીકરા! તું હકકનું ઈલ્મ રાખનાર સાહબો (ઓલમાએ હકક) સાથે વક્ત ગુઝારજે, એમના સાથે એ મુજબ બેસીને ઈલ્મ શીખજે કે, તારા ગુંઠણ ટેકેલા હોય અને તારી નઝર નીચી હોય. એમના સાથે ભૂલથી પણ ઝઘડો ન કરજે, સૂઉઝઝન (ખોટું ગુમાન) ન કરજે, ઈલ્મ શીખતી વક્ત તારી અકલને ખુલ્લી રાખજે, દિલને પોચું રાખજે અને ઝબાનને બંધ રાખજે, જો તું આ મુજબ નહીં કરે તો તારા ઉસ્તાઝ તુંને ઈલ્મ નહીં પઢાવે યા થોડું ઈલ્મ તું શીખો હોઈશ તો તુંને તે ઈલ્મ ઝર્રા પણ ફાયદો નહીં કરે."

આ કલામની જો તશ્રીહ કરવામાં આવે, સમઝ આપવામાં આવે તો શાયદ સફ્હાતના સફ્હાત પુર થઈ જાય. અલ્લાહતઆલાએ પોતાના દીનને એના પસંદીદહ અંબિયા (અ.સ.) ની સીરતથી અને હિકમતના કલામથી શિક્લ આપેલી છે. અપના ઈસ્માઈલી-તૈયેબી અકીદામાં માનનાર હર મુમિન, દીનની આ શિક્લમાંથી ફૈઝ હાસિલ કરીને પોતાના દીનો દુનિયાના મુઆમેલાતને મુનવ્વર કરે છે. અપના ૧૦૦ અકીદામાં માનનાર શખ્સ જે વક્ત દાઅવતે હકકનું ઈલ્મ, આલિમે હકક (ઉસ્તાઝ) પાસે શીખવાનું શુરૂ કરે છે તો એના પર વાજિબ થઈ જાય છે કે, એ ઉસ્તાઝ સાથે બહેસ, દલીલ, હુજ્જત, સવાલ કરવાથી પોતાની ઝબાનને કૈદ રાખે અને પોતે જે ઈલ્મ ઉસ્તાઝ પાસે શીખી રહ્યો છે તેની બીજા ગૈર લોગોને નઝદીક કોઈ પણ તરહની ચર્ચા કરવાથી રૂકી જાય.

> عید مبارک
>
> **હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની દોઆએ પુરઅસર સાથે મુમેનીન મુખ્લેસીનને હમેં તહે દિલથી ઈદુલ ફિતરની મુબારકબાદી અને ફરહતો સુરૂરની બશારત પૈશ કરીએ છીએ.**

મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે,"ઈલ્મનું પહેલું કદમ ચુપ રહેવું છે, બીજું ધ્યાન દઈને સાંભલવું છે, ત્રીજું તેના પર અમલ કરવું છે અને ચોથું તેને ફેલાવવું છે." તેથી જે વક્ત ઈબ્તેદાઈ ઝરૂરી દીની માઅલૂમાતને હાસિલ કરવા વાસ્તે કોઈ ઈલ્મનો તલબગાર દાઅવતે હાદીયાહના ઈલ્મને શીખવા તરફ કદમ વધારે તો એના વાસ્તે ઝરૂરી છે કે, એ પોતે ચુપ રહે અને જે ઈલ્મ એને શીખાવવામાં આવે, તેને દિલ લગાવીને બરાબર સાંભલે અને શીખે. હર શખ્સ ઝિંદગીભર ઈલ્મનો તલબગાર જ રહે છે, ઈલ્મની નવી મંઝિલો તરફ આગલ વધતો જ રહે છે અને એનો આ સફર કોઈ વક્ત પૂરો થાતો નથી, યાઅની એ કોઈ વક્ત ઈલ્મમાં કામિલ થાતો નથી. લેહાઝા, મુમિનને દાઅવતના ધણી પાસે બેસીને ઈલ્મ શીખતા જ રહેવું જોઈએ અને આની બહેસ-ગુફ્તગૂ કોઈ ગૈર-અહલ, ગૈર-જમાઅતના યા ગૈર-મુમિનને નઝદીક તો કરવી જ ન જોઈએ. જો એ આ ખતા કરશે તો પોતાના ઉસ્તાઝ સાથે મકર કીધો, ઈમાનની શરતોને ખિલાફ ગયો અને ઈલ્મની અમાનતમાં ખયાનત કીધી. આ તરહની ખતા પર સવાર થાનાર શખ્સ પોતે જ જાહિલ અને ઈલ્મમાં કાચો હોય તો એ બીજા સાથે બહેસો દલીલમાં કઈ તરહ

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک

(પેજ નં. ૧ નું બાકી) **સવાલ ક્યારે અને કોણાથી થાય ?....**

ઉતરી શકે! એ શખ્સ એવા કમ્ઝોર સિપાહી મુજબ છે કે, જેને પોતાનું હથિયાર ચલાવતા બરાબર આવડતું ન હોય અને આ સાથે એ બીજાના હથિયારથી ઘાયલ થઇ જાય, તો એ પોતાની કમ્ઝોરી યા નાકાબિલીયતને કુબૂલ ન કરે પણ એના હથિયાર અને ઉસ્તાઝનો કુસૂર કાઢવા લાગી જાય છે. એવો હારેલો અને હતાશ શખ્સ ન દુનિયાના ઈલ્મો અમલના મૈદાન જીતશે, ન મૈદાને હશરમાં હિસાબ-કિતાબના ઈમ્તેહાનમાં કામિયાબ થાશે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, પાયાના ઈલ્મની માઅરેફત ન રાખનાર શખ્સ જો મૈદાને ઈલ્મમાં જંગો જિદાલ કરશે તો એને ન તો હિદાયત હાથ લાગશે, ન કિતાબે મુનીર-કુરઆન અને આઅમાલ એને ફાયદો કરશે પણ એ મરદૂદ શયતાનને તાબેઅ થઈ જાશે. આ જંગમાં શયતાનના હમ્લાઓથી બચીને નિકલવું એના વાસ્તે નામુમ્કિન થઈ જાશે.

અધૂરું, બાઝારું અને પોતે શીખેલું ઈલ્મ તે શક અને ફિત્નાને જન્મ આપનારી શયતાની માઁ છે, જેમ હદીસે શરીફમાં છે કે, “શરાબ, ઈર્ષા (હિર્સ) અને અદેખાઇ (હસદ) નાપાકીઓની માઁ છે.” કુરઆને કરીમમાં બયાન છે કે,“ફિત્નો, કોઈને નાહકક કત્લ કરવા કરતા પણ ઝિયાદહ સખ્ત અને લાઈકે અઝાબ છે.” તેથી નવા-નવા તાલિબે ઈલ્મને ફિત્રત અને કુદરતના ઊસૂલ પર ચાલવું જોઈએ. જેમકે, એક બચ્ચું પૈદા થાવાને સાથે બોલવા નથી લાગતું પણ કુદરત એક મુકર્રર વકત તક એને ખામોશ રાખે છે. પછી આહિસ્તા-આહિસ્તા એને બોલવાની સમઝ અને સુલાહીયત આવે છે, હાલાંકે તે પહેલા એ બચ્ચાં પાસે બોલવાના બધા જ આઅઝા મૌજૂદ હોય છે. એના આઅઝામાં કોઈ તરહની કમ્ઝોરી નથી હોતી, પણ એની અકલ અને એની ઉંમર એને વકત પહેલા એની કુદરતને ખિલાફ જાવાની ઈજાઝત નથી આપતી. આ જ મુજબ “મૌલૂદે દીની”, યાઅની દીની ઈલ્મની દુનિયામાં પૈદા થયેલા નવા તાલિબે ઈલ્મને જોઈએ કે, ઈલ્મની શુરૂઆત કરતાં જ એ બોલબોલ ન કરે, ગૈર-વકતી સવાલોથી વકત ન બિગાડે, ઉસ્તાઝની ઈજાઝત બગૈર મૈદાને ઈલ્મમાં ઝબાનરૂપી તલવાર ન ચલાવે, પણ ખામોશીથી એના ઉસ્તાઝ જે એને પઢાવે તે પઢતો રહે, ઈલ્મને પચાવતો રહે, યહાઁ તક કે, ઉસ્તાઝ એને બોલવાની અને સવાલ કરવાની ઈજાઝત આપે. આ ઈજાઝત ઉસ્તાઝ તરફથી તાલિબે ઈલ્મને મોટામાં મોટું ઈન્આમ સાબિત થઈ શકે છે.

જો કોઈ બચ્ચું વકત પહેલા બોલવામાં જલ્દી કરશે તો એની ઝબાન લડખડાશે, અટકશે યા સહી તરીકાથી એ બોલી નહીં શકે. આ જ હાલ તાલિબે ઈલ્મનો છે કે, કબ્લ અઝ વકત એ બહેસ કરવાની યા થોડા વકતમાં ઝિયાદહ શીખવાની કોશિશ કરશે, તો એ ઉમ્દગી સાથે ઈલ્મથી ફૈઝ હાસિલ નહીં કરી શકે. જો આ રસ્તો તાલિબે ઈલ્મ ઈખ્તિયાર કરશે તો, આખિરકાર, ઉસ્તાઝ મજબૂર થઈને એને ઈલ્મની સોહબતમાંથી નિકાલી મૂકશે અને તે બાદ એ ગૈરના રંગોમાં રંગાઈને, પોતાનો અસલી રંગ ખોઈને, એકલો અટૂલો થઈને શક- શુબેહના અંધારા દરિયામાં ગરક થઈ જાશે. દરિયાએ શકના અંધારાની હકીકત જાણવા એ એવા જ લોગોની તલાશ કરશે, સહારો લેશે જે પોતે તે દરિયામાં બેસહારા થઈને ભટકાઈ રહ્યા હશે.

ઈમામે આલે મોહંમદ (અ.સ.) મૌ. તૈયેબુલ અસ્ર વલ હીનની દાઅવતે તૈયેબીયાહ મુમેનીન વાસ્તે અહ્લુઝ ઝિક્રની દાઅવત છે. મુમેનીનને હુકમે ઈલાહી છે કે, જો તમેં કોઈ પણ ચીઝ બાબત ન જાણતા હોવ તો ઝિક્રના લોગોને પૂછો. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને સવાલ થયો કે, ઝિક્રના લોગો યાઅની શું? આપે ફરમાવું કે, ઝમાનાના ઈમામ જે મૌ. અલી (અ.સ.) ની હકકની મસ્નદના માલિક હોય તે અહ્લુઝ ઝિક્ર છે. આ તે જ ઈમામ છે જે મુમેનીનના જાનોમાલના માલિક છે. મુમેનીન પર વાજિબ થાય છે કે, તેઓ નાઈબે ઈમામ, ઝમાનાના દાઈએ હકકની મજલિસમાં બેસીને ઈલ્મના પાક પાનીથી પોતાના નફ્સોની પ્યાસ બુઝાવે. મુમેનીનના રૂહાની વાલેદૈન જે અહ્લુઝ ઝિક્ર છે, તે જ જાણી શકે છે કે, મુમિનની કઈ નફ્સાની બીમારીની કઈ દવા છે. બીમાર, બીમારીમાં ચૂપ રહે તો ઝિયાદહ બહેતર છે, યહાઁ તક કે, એ શિફા હાસિલ કરે. અલ્લાહતઆલાને નઝદીક હમારી ઈલ્તેજા એ જ છે કે, અહ્લુઝ ઝિક્રના ઈલ્મના સબબ મુમેનીનને હર તરહથી શિફા હાસિલ થાય. ★

**ગલત વાત સાંભલનાર, તેને કહેનાર મુજબ ગુનાહગાર છે.**

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

### મસ્જિદની ઝિકિર

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, મસ્જિદમાં નમાઝના ઈન્તેઝાર વાસ્તે બેસવું પણ એક તરહની ઈબાદત છે અને એક નમાઝ બાદ બીજી નમાઝનો ઈન્તેઝાર કરવો જેહાદની તૈયારી કરતા પણ અફઝલ છે. યાઅની અલ્લાહતઆલાએ નમાઝને એ મુજબ ફઝીલત આપી છે કે, તેને પઢવામાં સવાબ આપવાને સાથે તેના વાસ્તે ઈન્તેઝાર કરવામાં પણ સવાબ મુકેલો છે. કોઈ શખ્સ નમાઝ તો પઢે પણ તેના દરમિયાનના વક્તમાં એ પોતાના કામકાજના સાથે નમાઝની તૈયારી વાસ્તે ફિકર કરે, તો એનો આ તમામ વક્ત ઈબાદતમાં શુમાર થાશે.

આપ (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ ઈન્સાનની તબીઅત એ મુજબ બનાવેલી છે કે, જે વક્ત એ પોતાના અઝીઝ દોસ્તથી બિછડી જાય છે, તો એના દિલ પર ગહેરો સદમો થાય છે, ગમગીની છવાઈ જાય છે. પછી જે વક્ત એ પોતાના બિછડેલા દોસ્તને દોબારહ મિલે છે, તો એની ખુશીની કોઈ ઈન્તેહા રહેતી નથી. તે જ મુજબ મસ્જિદ તેના નમાઝીઓ સાથે રિશ્તો રાખે છે. નમાઝીઓ મસ્જિદને ઝિંદા કરે છે, આબાદ કરે છે. જે વક્ત કોઈ નમાઝી મસ્જિદમાં આવતો બંધ થઈ જાય છે, તો મસ્જિદ અલ્લાહતઆલાને નઝદીક પોતાની બરબાદીની શિકાયત કરે છે. હવે જે વક્ત એ નમાઝી દોબારહ મસ્જિદમાં આવે છે, તો તે ખુશ-ખુશ થઈ જાય છે. મસ્જિદ અને તેમાં આવનાર ફરિશ્તા પોતાના નમાઝી વાસ્તે ખૈરો બરકતની દોઆ ગુઝારે છે.

આપ (અ.સ.) ફરમાવે છે કે, મસ્જિદમાં બેસવું અરબ લોગોની રોહબાનીયત છે, દીનદારીની નિશાની છે અને મુમિનના બેસવાની બહેતરીન જગા મસ્જિદ છે અને એનું ઘર એની ઝોંપડી છે, સીધે-સાદું મકાન છે, જ્યાં એની ઝિંદગીની ઝરૂરી હાજતો પૂરી થઈ શકે અને રાહતે દિલ હાસિલ થઈ શકે. મસ્જિદ, ઈસ્લામી સમાજનું મરકઝ છે અને મુમેનીનના જમાઅ થાવાની એક પાકીઝા જગા છે, જ્યાં તેઓને હર આફતથી અમાન છે. મસ્જિદના સબબ મુમેનીન ઈબાદતના મકસદને માતહત એકબીજા સાથે મોહબ્બતના તઅલ્લુકથી જોડાઈ શકે છે.

આપ (અ.સ.) ફરમાવે છે કે, અય લોગો! તમેં તમારી મસ્જિદોને બલંદ આવાઝથી, બિન-ઝરૂરી ગુફ્તગૂથી, શોર-શારથી, ચીઝોના વહેચાણ-ખરીદથી, હથિયાર લગાવવાથી, લડાઈ-ઝઘડો કરવાથી, સઝા ફટકારવાથી બચાવો. આ તમામ ચીઝો મસ્જિદની હુરમતને ખિલાફ છે, નમાઝીની અદબમાં શામિલ નથી. તમેં મસ્જિદમાં એક અઠવાડિયામાં એક વાર, યાઅની જુમોઆની રાતે બુખૂર કરો, ખુશ્બૂ કરો. વુઝૂ અને ગુસ્લ વાસ્તે તહારત-પાકીના અસ્બાબ તૈયાર રાખો જેમાં ચાખરી, લોટો અને પાક પાનીનો બંદોબસ્ત શામિલ છે.

આપ (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સ મસ્જિદને પોતાની નુખામત (બલ્ગમ, થુંક, નાકની નાપાકી) થી પાક-સાફ રાખશે, હર તરહની ગંદકીથી દૂર રાખશે, તો એ કયામતના દિન અલ્લાહતઆલાને હઁસતા ચહેરે મિલશે. એને એનું આઅમાલ-નામું યાઅની કિતાબ એના જમણા હાથમાં આપવામાં આવશે. મસ્જિદ, નુખામતના સબબ તંગ થઈ જાય છે, લરઝે છે, જેમ તમારામાંથી કોઈના ઉપર મુસીબત આવી પડે, તો તમેં કેવા લરઝો છો અને તમારું દિલ કેવું તંગ થઈ જાય છે. ★

## -::: હિકમત :::-

કોઈપણ નબીએ દુનિયાની રાહતને ઈખ્તિયાર નથી કીધી અને જો એમ ન હોત તો દુનિયાદાર લોગો કહેતા કે, હમારા નબીએ દુનિયાને પસંદ કીધી, તો હમેં શું કામ ન કરીએ? અલ્લાહતઆલા ફરમાવે છે કે, તે લોગો દુનિયાને ચાહે છે અને અલ્લાહ તેમજ નબી આખેરતને ચાહે છે. અય લોગો, તમેં દુનિયાની ઝિંદગીથી ખૂબ પ્યાર કરો છો, પણ આખેરત તો તેના કરતા ખૈર છે અને હમેશા રહેનારી છે. જો તમને હકીકતમાં રાહત જોઈતી હોય તો તમેં આખેરત વાસ્તે ફિકર કરો, કેમકે, આખેરત દુનિયા કરતા અફઝલ છે. ★

**રહેમદિલ શખ્સ હર વક્ત ખુશ રહેશે.**

## -::: ૧૨ સુન્નતો :::-

## કરાબતદાર-સગાઓ સાથે ખુશ તરીકાથી રિશ્તો રાખવો - કિસ્ત : ૫

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, સગાઓ-તઅલ્લુકવાલાઓને મદદ કરવાથી અલ્લાહતઆલા ફરઝંદની રોઝી અતા કરે છે તેમજ દૌલતમાં વધારો થાય છે. આપ નબી સાહબે આ પણ ફરમાવું કે, જે નૈકીના કામનો બદલો અલ્લાહતઆલા ફૌરન આપે છે તે સગપણના લોગોને મદદ કરવી છે. અહેસાનના કામો અને બીજાની ખુશી વાસ્તે કીધેલી કોઇ પણ તરહની ઈમ્દાદ, બુરાઇના ખાડાઓમાંથી મુમિનને બચાવી લે છે. આ અમલ તે છે કે, જે મુજબ છુપી તૌરથી સદકો કરવું ખુદાના ગુસ્સાની આગને બુઝાવી નાંખે છે.

તીસરા મોટા નબી-નાતિક મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) એ જે વક્ત મક્કાની ઝમીનમાં કાઅબતુલ્લાહની તાઅમીરને વાસ્તે પાયો ખોદો તે વક્ત તેમને એક પત્થર નઝર આવો. આપે તે પત્થર ઉઠાવો અને તેના પર કરવામાં આવેલી કિતાબત-લખાણ પર આપ ગૌર કરવા લાગા. આપે આપના ફરઝંદ મૌ. ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) ને તે કિતાબત પઢી સંભલાવી કે, હું અલ્લાહતઆલા, આ મક્કાના બયતુલ્લાહનો સાહબ છું. તમારી ઝિંદગીમાં વધારો કરવા મેંએ તમારા દરમિયાન રિશ્તેદારી-સગપણ પૈદા કીધું છે. જે કોઇ એના રિશ્તેદારો સાથે તઅલ્લુક રાખશે, તેમને મદદ કરશે તો એના સાથે હું તઅલ્લુક રાખીશ, અને જે કોઇ તેમના સાથે રિશ્તો કાપી નાંખશે તો એની સાથે હું રિશ્તો નહીં રાખું. સગાંઓથી મોહબ્બત કરવાથી અને તેમને સુખ દુઃખમાં સાથ આપવાથી ઝિંદગીમાં વધારો થાય છે.

અખ્બારમાં ઝિકિર છે કે, કાઅબુલ અહબાર કહે છે કે, ખુદાના કસમ! જે ખુદાએ પોતાના નબી મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ને વાસ્તે દરિયાએ નીલમાં રસ્તો બનાવી આપો અને આપના દુશ્મન ફિરઔનને તે નીલ નદીમાં ગરક કરી દીધો, તે મૂસા નબીની કિતાબ તૌરાતમાં બયાન છે કે, “અય આદમના ફરઝંદ! તું તારા રબથી ડર, તારા માઁ-બાવાજી સાથે ભલાઈ કર અને તારા સગાઓથી રિશ્તો રાખ, હું તારી ઉમ્રમાં વધારો કરીશ.” હર એક પર વાજિબ છે કે, એ પોતાના ખાનદાનના લોગોને યાદ રાખે, તેઓને મદદ કરતો રહે, તો બિલાશક તેઓ એની મદદ પર આવશે. જેમ શોએબ નબી (અ.સ.) ને લોગોએ કહ્યું કે, તમારા સાથે જો તમારા સગાઓ ન હોત તો હમેં તમને પત્થરો મારીને કત્લ કરી દેતા. લેહાઝા, જેમ શોએબ નબી પોતાના સગાઓના સબબ બચી ગયા, તેમ હર એક મુખ્લિસ શખ્સનો બચાવ એના સગાઓથી થઈ શકે છે. ★

## -::: કબરની નિદા :::-

**હરરોઝ કબર પાઁચ ચીઝોની નિદા કરે છે,**

(૧) હું તન્હાઈ-એકલવાયુ ડરાવનું ઘર છું - મારા તરફ કોઇ સાથીદાર લઈને આવો.
(૨) હું ઘનઘોર-અંધારિયું ઘર છું - મારા તરફ શમાઅ-દીવો લઈને આવો.
(૩) મારી ઝમીનમાં કાંકરાઓ છે - તમેં આવો તો ફરશ-બીછોનું લઈને આવો.
(૪) હું સાપ-વીંછું નું ઘર છું - તમેં સાથે તિરયાક-ઝહેર ઉતારવાની ચીઝ લઈને આવો.
(૫) મારામાં ફકીરી-મોહતાજગી છે. તમારા સાથે ખઝાનો લઈને આવો.

પૂછનારે પૂછું કે, આ ચીઝોનો શું મતલબ છે ? તો આલિમે જવાબ આપો કે, (૧) જે સાથીદાર કબરની તન્હાઈમાં ઉન્સત-દિલાસો આપશે તે કુરઆન છે. કુરઆન હર ચીઝથી અફઝલ છે. (૨) જે કબરના અંધારામાં રોશની આપશે તે અડધી રાતની નમાઝ છે. જે શખ્સ રાતે તહજ્જુદની નમાઝ પઢે તેનું મૂઁહ દિવસમાં નૂરાનીદાર થાય છે. (૩) કબર વાસ્તે ફરશ તે અમલે સાલેહ-નૈક અમલ છે. કબરમાં હમને એમ કહેવું ન પડે કે, અય મારા રબ,

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**સાચી વાત કહેનાર લોગોને ગમશે નહીં.**

## -::: કુર્આઅંદાઝી-પાસા ફેંકવા :::-

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ મુશ્કિલ સવાલ અને પૈચીદહ મસ્અલા વાસ્તે કુર્આઅંદાઝીના આધારે હુકમ કરવાને વાજિબ કીધો છે. આપને અરઝ કરવામાં આવતી કે, મુશ્કિલ અમરમાં કુર્આ કરતા કઇ ચીઝ ઝિયાદહ બેહતર સાબિત થાય યા શું કુર્આઅંદાઝીનો અમલ શરીઅત મુજબ સાબિત છે અને અલ્લાહની મરઝી મુતાબિક છે ? આપ (અ.સ.) કિસસુલ અંબિયા (અ.સ.) માંથી મૌ. યૂનુસ (અ.સ.) અને મૌ. ઝકરીયા (અ.સ.) નો કિસ્સો સંભલાવતા અને કહેતા કે અંબિયા (અ.સ.) એ પણ અલ્લાહની તાઇદથી કુર્આઅંદાઝીનો સહારો લીધો છે અને મુશ્કિલ અમરનો હલ તલાશ કીધો છે.

મૌલાના ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) મૌલાના અબ્દુલ મુત્તાલિબ બિન મૌ. હાશિમ (અ.સ.) નો કિસ્સો બયાન કરીને ફરમાવે છે કે, "મૌ.અબ્દુલ મુત્તાલિબ **"કસ્રતુલ ઔલાદ"** હતા યાઅની અલ્લાહતઆલાએ આપને ૯ દીકરાઓથી નવાઝા હતા. આપે નઝર માની કે જો દસમો દીકરો અલ્લાહ મને ઈનાયત કરશે તો અલ્લાહની રાહમાં હું તે દીકરાને ઝબેહ કરીશ. મશીયતે ઈલાહી એવી થઈ કે મૌ. અબ્દુલ મુત્તાલિબે દસમાં દીકરા થયા અને તે મૌ.અબ્દુલ્લાહ (વાલિદે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)) હતા. ૯ દીકરાઓમાંથી મૌ.અબ્દુલ્લાહ પોતાના બાવાજીને અઝહદ વ્હાલા હતા, મેહબૂબ અને પ્યારા હતા, જેમ મૌ.યૂસુફ નબી વાસ્તે તેમના બાવાજી મૌ.યાઅકૂબ નબીને મોહબ્બતો-ઉલ્ફત હતી. લેહાઝા મૌ.અબ્દુલ મુત્તલિબએ દીકરા અબ્દુલ્લાહ ના બદલામાં દસ ઊંટને ઝબેહ કરવા વાસ્તે ઊંટ અને અબ્દુલ્લાહ પર ચીઠ્ઠી (કુર્આ) નાખી અને ચીઠ્ઠી અબ્દુલ્લાહ ને ઝબેહ કરવા પર નીકલી. તે બાદ હર વક્ત ચીઠ્ઠી અબ્દુલ્લાહ પર જ નીકલતી ગઈ. આમ કરતા કરતા જે વક્ત ૧૦ મી વાર ચીઠ્ઠી નાખવામાં આવી તો તે ઊંટને ઝબેહ કરવા પર નીકલી અને તેની ગિન્તી ૧૦૦ ઊંટની થઇ ગઇ હતી. મૌ.અબ્દુલ મુત્તાલિબએ દસ મરતબા દોબારહ ચીઠ્ઠી નાખી અને હર વક્ત ચીઠ્ઠી ઊંટ પર નીકલતી ગઈ. આ તરહ કુર્આ અંદાઝીના અમલથી મૌ.અબ્દુલ્લાહ ના બદલામાં ૧૦૦ ઊંટોને ઝબેહ કરવામાં આવા. મૌ.અબ્દુલ મુત્તાલિબ ચાહતા હતા કે, પોતાના ચહેતા અને લાડલા દીકરા અબ્દુલ્લાહના એવઝમાં **તકર્રીબ ઇલલ્લાહ** ઊંટોને ઝબેહ (નહેર) કરે અને તે વાસ્તે આપ ચીઠ્ઠી ફેંકતા ગયા અને ઊંટોની તાઅદાદમાં વધારો કરતા ગયા અને ૧૦૦ ઊંટો થયા બાદ આપ ઘણી વાર ચીઠ્ઠી નાંખતા રહ્યા અને એ ચીઠ્ઠીઓ ઊંટો પર જ નીકલતી રહી, તે વક્ત આપે ફરમાવું કે, **મેં જાણું કે હવે મારો રબ મારાથી રાઝી થયો છે** અને આપે ફીસબીલિલ્લાહ ૧૦૦ ઊંટોની કતારને નહેર કીધી."

અપની રોઝાના ઝિંદગીમાં પણ એવા કેટલાક મસ્અલા રૂનુમા થાય છે જે આપને ફિકર અને તશ્વીશમાં નાંખી દે છે. અપને ખુદ એ વાસ્તે ફેંસલો લઇ શકતા નથી. મનમાં ઘડી-ઘડી સવાલ ઉઠે છે કે, શું આ કામ કરવું કે ન કરવું ? આવા ઉલઝનભરા હાલાતમાં અપને પાસે એક જ સીધો અને આસાન રસ્તો છે કે, સાહબે દાઅવતને નઝદીક જઈને અપનો સવાલ બયાન કરીને કુર્આઅંદાઝીનો સહારો લઈને જે દાઅવતના મુહાફિઝ છે તે સાહબના નઝદીક જાણીએ કે અલ્લાહતઆલા હમારેથી કઇ ચીઝમાં રાઝી છે. પૈચીદહ સવાલ વાસ્તે કુર્આઅંદાઝીના ઝરીએ અલ્લાહતઆલાથી એ ઈલ્તેજા કરવી ઝરૂરી છે કે, "અય માઅબૂદે અકબર, અય ઝાહિર અને બાતિનનો જાનનાર, અય મુમેનીનથી મોહબ્બત કરનાર, હું તારો ખાકસાર બંદો છું અને તારી મરઝી પર રાઝી રહેનારો છું. **તું મને મારા મુશ્કિલ અમરમાં આસાની અતા ફરમાવ** અને તારી દાઅવતના નિગેહબાનને નઝદીક મને નેક રસ્તો ઈખ્તિયાર કરવા વાસ્તે તૌફીક ઈનાયત ફરમાવ અને તારી રહેમતથી મને હલાલન તૈયેબહ રોઝી બખશ અને હર મારા શુગ્લને ખૈરીયત પર ઈખ્તેતામ કર." ★

**ઝોરથી બોલીને તાકતનો નહીં પણ કાયરતાનો મુઝાહેરો થાય છે.**

## -::: અસ્હાબુલ યમીન :::-

૫૩૨-૧૪૩૨ હિ. ના ૯૦૦ સાલથી યમનમાં ઈત્લાકની દાઅવતે હાદીયાહની ઈબ્તેદાના ખુશ અવસર પર યમનના ૨૪ દોઆતે મુત્લકીન (આ.કુ.) ની મુબારક તારીખની યાદગાર કિતાબ **"અસ્હાબુલ યમીન"** શાયેઅ કરવામાં આવે છે.

✣ **કિતાબની ખાસીયત :**

➢ તારીખને સાથે હર દાઈએ હકકનું ખુસૂસી બયાન.

➢ બયાન બાદ હર દાઈએ હકક વાસ્તે સિફ્તો સનાના અશઆર.

➢ દાઈએ હકકએ તસ્નીફ ફરમાવેલી કિતાબોની ઝિકિર.

➢ યમનની ઝિયારતોનો નકશો.

➢ દોઆતે મુત્લકીન (આ.કુ.) અને આપની ઝિયારતોની કલરમાં નૂરાની તસ્વીરો.

➢ મુશ્કિલ અલ્ફાઝની સમઝ.

➢ ઈંગ્લીશ ઝબાનમાં પૂરી તારીખનો તરજુમો.

✣ **કિતાબનો હદીયો : રૂા. ૨૦૦/-**

✣ **હાસિલ કરવાની જગા :**

અલ-વિઝારતુલ અલવીયાહ, કસ્રે આલી તૈયેબી મહેલ, બદરી મહલ્લાહ, વાડી, વડોદરા-૧૭.

✣ **ફોન :** ૦૯૬૮૭૩૨૫૨૪૨ - મુલ્લાં અમીરૂદ્દીનભાઈ<br>
૦૯૯૦૪૨૨૧૦૯૦ - મુલ્લાં ઈબ્રાહીમભાઈ<br>
૦૯૯૨૫૦૭૮૬૩૫ - ખાદિમ અલીભાઈ ★

## -::: મુમિનના ગુનાહો પર પડદો :::-

પાઁચમાં ફાતેમી ઈમામે હકક મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "કોઈએ કોઈ મુમિનની એવી વાત પોતાની નઝરોથી જોઈ હોય યા કાનોથી સાંભલી હોય, તો એના પર લાઝિમ છે કે, તે ચીઝને ઝાહિર ન કરે અને તે ફાહેશા (ગૈર જાઈઝ) વાતને છુપાવીને રાખે. તમેં, મુમેનીનની આબરૂ લેવા વાસ્તે, બેઈઝઝતી કરવા વાસ્તે એની કોઈ પણ બુરાઈને ઝાહિર ન કરો. એવું કરનાર શખ્સ એ ફહેશ-બુરું કામ કરનાર ગુનાહગારને બરાબર છે." મૌ. અલીયુલ મુરતઝા (અ.સ.) ફરમાવે છે કે, "અગર કોઈ મુમિનને હું ફહેશ કરતા જોઉં તો હું એને મારા કપડાથી ઢાંકી દઉં. કોઈ ગુનાહ વાસ્તે ગુનાહગારને દુનિયામાં સઝા થઈ ચુકી હોય, તો અલ્લાહ એને આખેરતમાં તે ગુનાહ વાસ્તે નહીં પકડે."

શાફેઉલ મુઝનેબીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ મુમિન બંદાને ૭૦ પડદા આપા છે. હવે જે વક્ત એ કોઈ એક ગુનાહ કરે તો એક પડદો ફાટી જાય, પછી તૌબા કરી લે તો પડદો પાછો મિલી જાય અને તેના સાથે બીજા ૭ પડદા મિલે. ગુનાહ કરતો જાય તો પડદા ફાટતા જાય, યહાઁ તક કે એ તૌબા ન કરે. તૌબા કરવાના સબબ એક પડદા સાથે બીજા ૭ પડદા હાસિલ થાય છે. એ ગુનાહમાં એટલો આગલ વધી જાય કે, એક પણ પડદો એના વાસ્તે બાકી ન રહે, તો અલ્લાહતઆલાના હુકમથી ફરિશ્તાઓ એના પર પડદો કરે. હજુ પણ ગુનાહ કરતો જાય તો ફરિશ્તા અલ્લાહને નઝદીક એની શિકાયત કરે, તે વક્ત અલ્લાહ હુકમ કરે કે, ફરિશ્તા પોતાના પડદાને એના પરથી ઉઠાવી લે. હવે જે જગા પર એ બંદો ગુનાહ કરશે તો તે ઝાહિર થઈ જાશે, રૂસ્વા થઈ જાશે અને અલ્લાહ એની કોઈ તરહની તૌબા કુબૂલ કરશે નહીં. ★

**ઘરકામ કરીને ઘરવાલાને ખુશ રાખવા પણ જેહાદ છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઇ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઇ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઇ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ▒ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે વક્ત ઘરથી બાહર નિકલતા તો ખભા પર------ નાંખતા હતા. (૨)

(૨) બલા, મુસીબત. (૩)

(૩) તિરાડ, જુદાઈ. (૩)

(૭) યકીન સાથે ઈબાદત કરવામાં જ ----- છે. (૨)

**આડી તરકીબ :**

(૨) સૈ. ઝિયાઉદ્દીન સાહબ (આ.કુ.) ની કોશિશથી વડોદરામાં અપની જમાઅત ----- થઈ. (૩)

(૪) બયઅત આપનાર શખ્સ જ ઈમામતની નમાઝમાં -----માં ચઢી શકે છે. (૨)

(૫) મશ્વરો, ખયાલ. (૨)

(૬) તાઝા ખજૂર. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | ઇ | | |
| | ક | દ | મ | |
| આ | બ | ▒ | લ | બ |
| | ર | ફી | ક | |
| | | લ | | |

★

*(પેજ નં. ૪ નું બાકી)* **કબરની નિદા.....**

તું મને દુનિયામાં પાછો જાવા દે જેથી હું થોડી નૈકી કરી ને આવ. (૪) સદકો આપવું તે કબરના સાપ-વીંછું ના ઝહેરને ઉતારે છે, આ જ સદકો મૌતને પણ ટાલી દે છે. (૫) કબરની મોહતાજગીનો ખઝાનો **"કલેમએ ઇખ્લાસ"** છે યાઅની શહાદતનો કલેમો છે **"લા ઇલાહા ઇલ્લલ્લાહ"**. જેના વાસ્તે રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જો તમેં તરાઝુના એક પલ્લામાં કલેમએ શહાદત મુકો અને બીજા પલ્લામાં દુનિયા-આસ્માનની તમામ ચીઝો મુકો તો કલેમએ શહાદતનું પલ્લું ભારી રહેશે. ★

**ઈલ્મ, અમલ કરવાનું મૈદાન છે.**

**ઝાલિમની ત્રણ નિશાની છે :**

**(૧) તે પોતાના માલિકની નાફરમાની કરીને તેના પર ઝુલ્મ કરે છે.**

**(૨) તે પોતાના ઝેરે દસ્ત લોકો પર ગલબો કરીને તેના પર ઝુલ્મ કરે છે.**

**(૩) તે સિતમગારોને મદદ કરીને ઝુલ્મ કરે છે. ★**

## -::: ઈદુલ ફિતર મુબારક :::-

*ઈદુલ ફિતર કા યે દિન હે કિતના શાનદાર*
*સજદાતે શુક્રિયા કરેં હમ તો હઝાર બાર*
*રોઝે કિયેં મુકમ્મલ વલ્લાહ બિલ યકીં*
*કરના કુબૂલ યા રબ હમ હૈં ગુનાહગાર*
*લેકર વસીલા આએં હૈં તૈયેબ કે નામ કા*
*હૈં દીન કે ઝિયા જો હૈં દાઅવત કે તાજદાર*
*વો નૂર કે ધની હૈં આકા ઝિયાઉદ્દીં*
*બરકાત નૂર કી મિલે મુમિન કો કિરદગાર*
*દેખો હિલાલે ઈદ તો તૈયેબ કી દીદ હે*
*રૂખ્સારે દાઈ મેં દેખે મન્ઝર યે બારબાર*
*હે શાદ આકા મુમેનીં તેરી પનાહ મેં*
*બુસ્તાને તૈયેબી મેં ખિલતી રહે બહાર*
*કર તૂલ ઉમ્ર મૌલા કી જબ તક હે આસ્માં*
*હે વિર્દે લબ ઝાકિર કે યહીં લૈલ ઔર નહાર. ★*

**વેપાર ભલે ઓછો થાય પણ તમેં હલાલ તરીકાથી વેપાર કરો.**

## -::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ :::-
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) - કિસ્ત : ૫

મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) ફરમાવે છે કે, મેં હદીયાના તૌર પર રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને ખજૂર પૈશ કીધી તો આપે અને અસ્હાબે તે તનાવુલ કીધી. તે બાદ મેં મોહરે નુબૂવતને જોવાની ઈન્તેઝારીમાં હતો કે, ખુદ આપ નબી સાહબે પોતાની પીઠ-પુશ્ત મુબારક પરથી ચાદરને અલગ કરી દીધી. મેં અરઝ કીધી કે, યા નબીયલ્લાહ! આપે ચાદર કેમ ઉતારી દીધી? આપે ફરમાવું કે, અય સલમાન! હું જાણું છું જે તમારા દિલમાં ચાલી રહ્યું છે! મેં કહ્યું કે, આપ સાચું ફરમાવો છો અને હું મોહરે નુબૂવતની ઝિયારતથી મુશર્રફ થયો અને આપ નબી સાહબના કદમ પર પડી ગયો. આપે મને આપના નઝદીક બેસાડો અને પછી મેં અવ્વલથી આખિર તક તમામ હકીકતથી આપને વાકિફ કીધા. મેં અરઝ કીધી કે, અય ખુદાના પસંદીદહ, અય ખાલિકના પ્યારા નબી, આપ મને દીને ઈસ્લામથી મુશર્રફ કરો અને યહૂદીની ગુલામીથી આઝાદ કરાવો.

તે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, તમેં તમારા માલિક યહૂદીને સાથે તમને આઝાદ કરવા વાસ્તે બદલો મુકર્રર કરો. મેં કહ્યું કે, મારા નઝદીક કોઇ એવી ચીઝ નથી, જેને આપીને હું ગુલામીથી આઝાદ થઇ શકું. આપે ફરમાવું કે, અય સલમાન! તમેં ફિકર ન કરો, પણ યહૂદી શું ચાહે છે તે જાણીને લાવો. તે વક્ત યહૂદીએ મૌ. સલમાનુલ ફારસીને આઝાદ કરવા વાસ્તે ૩૦૦ ખજૂરી રોપી આપવાની અને ૪૦ ઔકિયા (૧૨૦ તોલો) સોનું લેવાની શરત કીધી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ) એ સઘલા અન્સારને ખબર આપી કે, તમેં તમારા ભાઈ સલમાનને યારી દો, મદદ કરો અને એને આઝાદ કરવાની કોશિશ કરો. આપ નબી સાહબના ફરમાનથી અન્સારે ૩૦૦ ખજૂરીના તાઝા છોડ જમાઅ કીધા અને ખુદ આપ નબી સાહબે પોતાના દસ્તે મુબારક પર બધા જ છોડ રોપી દીધા. આપના રોપવાનો અસર એ થયો કે, એક પણ છોડ ખરાબ થાવા બગૈર ખજૂરીના સઘલા ઝાડ તૈયાર થઇ ગયા. અન્સારની તદબીરથી આપ નબી સાહબને નઝદીક ઘણો માલ જમાઅ થઇ ગયો, જેમાંથી આપે ૪૦ ઔકિયા સોનું નિકાલું અને તેને તે યહૂદીને આપીને મૌ. સલમાનને આઝાદ કરાવા.

તે બાદ મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) હમેશા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ખિદમતમાં રહેવા લાગા, દિન-રાત આપની ચાકરી કરવા લાગા. એવા ખુલૂસે દિલથી મૌ. સલમાને નબી સાહબની ઈતાઅત કીધી અને દીનો ઈમાનની દૌલત હાસિલ કીધી કે, અહ્લુલ બૈત (અ.સ.) ના દરજા બાદ સઘલા અસ્હાબમાં આપ મુમ્તાઝ થઇ ગયા, સઘલા અન્સાર અને મુહાજિર કરતા આપ ફઝલો ઈઝ્ઝતમાં વધી ગયા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ આપ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વલાયતો મોહબ્બત પર કાઈમ રહ્યા અને આપની આલે અત્હર, ઈત્રતે પાકના દામનથી વિલગીને રહ્યા. સાહબે હકકની પૈરવી કરવામાં આપે કોઈ વક્ત દુનિયાની તરફ ઈલ્તેફાત અને લાલચ કીધી નથી. ★

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ :** **મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★

## -::: બહેતર શું છે ? :::-

➢ અલ્લાહતઆલાની તે જ યાદ બહેતર છે જે મખ્ફીમાં થાય.
➢ જે થોડી રોઝી ઈન્સાનની ઝરૂરીયાતને પૂરી કરે, કિફાયત કરે તે જ બહેતર છે.
➢ પોશીદગી-એકલપણામાં કીધેલી અલ્લાહની ઈબાદત બહેતર છે.
➢ જે મજલિસમાં કુશાદાહ જગા હોય, ઝિયાદહ બેઠકોનો બંદોબસ્ત હોય તે જ બહેતર છે.
➢ શરીઅતના લેહાઝથી જે અમલ વધારે સખ્ત હોય તે બહેતર છે
➢ થોડી મહેરમાં સાદાઈથી કીધેલી શાદી બહેતર છે.
➢ ઉમ્દા ખૈરાત-ઈમ્દાદ તે જ છે કે, જે પોતાના અહલો અયાલની ઝરૂરતોને પૂરી કરવા બાદ થાય.
➢ જે ઈલ્મ દુનિયા-આખેરતમાં ફાયદો આપે તે બહેતર છે.
➢ મુમિનની એવી આદત, સીરત, ખસલત કે અખ્લાક, જે લોગો ખુશીથી અપનાવે તે જ બહેતર છે.
➢ બહેતરીન ચીઝ જેનાથી દિલ હકીકતમાં દિલ બને છે તે યકીન છે.
➢ જે શખ્સ પોતાનું નુકસાન ઉઠાવીને બીજાને ફાયદો પહોંચાવે તે લોગોમાં બહેતર છે.
➢ દોસ્તોમાંથી અલ્લાહતઆલાને નઝદીક તે જ બહેતર છે, જે પોતાના દોસ્ત સાથે ભલાઈ કરે.
➢ જે શખ્સ કુરઆનને શીખે અને બીજાને શીખાવે તે ઈઝઝતો અઝમતમાં તમામથી બહેતર છે.
➢ જે શખ્સ એના ઘરવાલાઓ સાથે નૈક સુલૂક રાખતો હોય તે મોહબ્બત અને ઈખ્લાસમાં તમારામાંથી બહેતર છે.
➢ તમારામાંથી એ શખ્સ બહેતર છે, જેનાથી નૈકીની ઉમ્મીદ રખાય અને બુરાઈનો ડર ન હોય.
➢ તમારા મકાનોમાંથી બહેતર ઘર તે છે કે, જેમાં એક યતીમ બચ્ચાંની ઈઝઝતથી પરવરિશ અને તરબીયત કરવામાં આવે.
➢ બૈરાઓ વાસ્તે નમાઝ પઢવાની બહેતર જગા એના મકાનનો અંદરૂની હિસ્સો છે, જહાઁ ગૈર-મહેરમ મરદોની નઝર પહોંચતી ન હોય.
➢ તમારા લિબાસમાંથી બહેતર લિબાસ સફેદ લિબાસ છે.
➢ તમારા જવાનોમાંથી બહેતર એ શખ્સ છે કે, જે આઢેડ-મોટી ઉંમરના બુઝુર્ગની નૈક સીરતને અપનાવે.
➢ માલ જે થોડો હોય પણ હલાલ રસ્તાથી કમાયેલો હોય તે એ માલથી બહેતર છે કે, જે ઝિયાદહ હોય પણ ઝિક્રે ખુદાથી ગાફિલ કરવાવાલો હોય. ★

## -::: બાઅસર નુસ્ખો :::-

અલ્લાહતઆલાએ હર મરઝની દવા કુરઆને કરીમની આયતોના ઝરીએ આપેલી છે. જો કોઈ મખ્સૂસ આયતની વિર્દ-તસ્બીહ, સહી વક્તમાં, પાકીની હાલતમાં, બરાબર જગા પર કરવામાં આવે, તો તેનો અસર ઈન્સાનની તબીઅતમાં કાઈમ થાય છે અને અલ્લાહતઆલા તરફથી નુસ્રતો મદદ હાસિલ થાય છે.

દિલના દર્દ યા તેને લગતી બીમારી (હાર્ટ એટેક) ના વાસ્તે ૪૦ વાર આ આયત પઢીને દિલ પર હાથ મૂકે. **"સલામુન અલા આલે યાસીન"**, અને **"સલામુન કૌલમ મિર રબ્બિર રહીમ"**. કુરઆને કરીમમાં સૂરએ યાસીન દિલના મકામમાં છે અને યાસીનનું દિલ ઉપર મઝકૂર આયતે શરીફહ છે. આ આયતો સાથે **"અલા બેઝિકરિલ્લાહે તત્મઇન્નુલ કુલૂબ"** ની આયત પણ પઢે. આ આયતોમાં અલ્લાહની ઝિકિર છે, જે રબ્બે રહીમ છે, જેના તરફથી સલામ છે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) યાઅની યાસીનની આલ પર સલામ છે અને આ ઝિકિરથી મુમેનીનના દિલોને સુકૂન હાસિલ થાય છે. ★

**શરમ રાખવી, મુમિનની ઈઝઝતને વધારે છે.**

## -::: ઝાહેર ખબર :::-

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

## રૂબી કલેક્શન

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**

**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે, ગેંડીગેટ, વડોદરા.**

**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭.** ★

---

## SAT KABIR MOTORS

✻ Service & all type of Repairs for all Car's
✻ CNG & LPG Govt. Approved Kit Fitting.
✻ Service with Quality, Confidence & Honesty.
✻ Sp. Offers :- 10% discount on Mechanical Labour Work.

Manager : **M. S. PAGHDIWALA** M.: 9824058318
Ph.(Office) : 2361318 / 9824032629

**Address : Opp. Phoenix Complex, Near Suraj Plaza Building, Sayajigunj, Vadodara - 390 005.** ★

---

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફ્લેટસ, ટેલીફોન એક્સચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

## -::: ઝાહેર ખબર :::-

## બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

---

## ★ FINE ART ★

**સગાઇ, શાદીના ખુશીના અવસર માટે આકર્ષક ડિઝાઇનવાલા એન્વેલપ (કવર) તથા ઇદ, દિવાલી, બર્થ ડે માટે ગ્રીટીંગ કાર્ડ બનાવી આપવામાં આવશે.**

**બુરહાના એમ. ગોદીવાલા**

એ-૩૨, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા.

**M.: 9998582716.** ★

---


નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઇટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **હમીદુદ્દીન ચાહયાભાઇ ભાઇસાહેબ**
વફાતની તારીખ : ૪ રમઝાન ૧૪૩૨ / ૩-૮-૧૧.
સરનામું : અલ-અમીન એપાર્ટ. જહાઁગીરપુરા, વડોદરા.
ફોન : ૦૯૩૨૭૪૪૭૮૩૯

---

નામ : **મોહસિનઅલી યૂસુફઅલી રેતીવાલા**
વફાતની તારીખ : ૮ રમઝાન ૧૪૩૨ / ૭-૮-૧૧
સરનામું : બોરસલી એપાર્ટ., આજવા રોડ, વડોદરા.

---

નામ : **મોહસિનઅલી ફિદાહુસૈન બુકબાઇન્ડર**
વફાતની તારીખ : ૯ રમઝાન ૧૪૩૨ / ૮-૮-૧૧
સરનામું : જે.પી.નગર, સરદાર એસ્ટેટ સામે, આજવા રોડ, વડોદરા.
ફોન : ૦૯૯૨૦૫૧૦૪૪૪.

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.) ★-

**તમામ મુઅમીનીનને મુલ્લાં અમીરૂદ્દીન જરીવાલા તરફથી ઈદુલ ફીતરની મુબારકબાદી પેશ કરવામાં આવે છે.**

**શયતાની વસવસાઓથી દૂર રહેવા સૂરતુન્નાસ અને સૂરતુલ ફલક પઢવી જોઈએ.**